# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
# ગ્રામવિદ્યા શાખા – તૃત્તીય વર્ષ બી.આર.એસ.
# રૂરલ હોમસાયન્સ મેનેજમેન્ટ એન્ડ હેલ્થ (ગૃહવિજ્ઞાન)
# વિષય :– હોમ સાયન્સ અભ્યાસ નિબંધ પેપર નં.૧૩

❖ માળખું:–

| અઠવાડિયાના વર્ગો | આંતરિક ગુણ | વર્ષાન્ત ગુણ | કુલ ગુણ |
|---|---|---|---|
| ૪ | ૩૦ | ૭૦ | ૧૦૦ |

❖ **હેતુઓ :**

(૧) વિદ્યાર્થીનીઓ ગુણવિજ્ઞાન વિષયના વિવિધ વિભાગોને અનુબંધ કોઈ એક મુદ્દો પસંદ કરી તેનો ઊંડાણથી અભ્યાસ કરતા શીખે.

(૨) પસંદ કરેલ મુદ્દાને અનુરૂપ સંશોધન કેન્દ્ર, ફૂડ ફેકટરી, શૈક્ષણિક સંસ્થા કે સ્વરોજગાર કેન્દ્રો અથવા જે તે ક્ષેત્રોમાં પ્રાપ્ત કરેલ સિધ્ધિવાન વ્યકિતઓના અનુભવોનું જ્ઞાન / માહિતી મેળવે.

(૩) મુદ્દા અનુરૂપ જુદા જુદા સંદર્ભગ્રથો, સામયિકોનો ઉપયોગ કરતા શીખે.

(૪) આ પ્રવૃત્તિના ભાગરૂપે ઉચ્ચ અભ્યાસ દરમિયાન ધ્યાનમાં રાખવાના વિવિધ પાસાઓનો મહાવરો કરતા શીખે.

(૫) કોઈ એક મુદ્દા પરત્વે કૌશલ્ય કેળવતા શીખે અને ભવિષ્યમાં સ્વનિર્ભર બની શકવા માટે આત્મવિશ્વાસ કેળવી શકે.

(૬) અભ્યાસક્રમને અનુરૂપ વિવિધ શોધ – સંશોધનાત્મક પધ્ધતિઓનો બહોળો અનુભવ મેળવે.

(૭) સર્વેક્ષણ પધ્ધતિ ધ્વારા જે તે મુદ્દા પર વિસ્તારથી માહિતી મેળવતા શીખે.

➢ **પ્રવૃત્તિઓ :–**

(૧) ગૃહવિજ્ઞાનને અનુબંધ વિવિધ વિભાગોમાંથી વિદ્યાર્થી પોતાની પસંદગીનો મુદ્દો સ્વીકારી તેનો ઉત્તરોત્તર અભ્યાસ કરશે.

(૨) આ અભ્યાસ દરમિયાન જરૂર લાગે તો જે તે સ્થળ / સંસ્થા વ્યકિતગત મુલાકાત લઈ પ્રત્યક્ષ અનુભવ મેળવશે.

(૩) મુદ્દાને અનુરૂપ એકત્રિત કરેલ માહિતીનું આંકડાકીય પૃથકકરણ કરતા શીખે અને તે અંગે ટીકા ટીપ્પણી રજુ કરી શકે.

(૪) વિવિધ સામાયિકો, સાહિત્યનો ગહન રીતે અભ્યાસ કરતા શીખે.

(૫) તૈયાર કરેલ અભ્યાસ નિબંધના માળખાનો ક્રમ નીચે મુજબ રહેશે.

(૧) અર્પણ
(૨) પ્રમાણપત્ર
(૩) નિવેદન
(૪) આભારદર્શન
(૫) અનુક્રમણિકા
(૬) કોઠા
(૭) ચાર્ટસ – નકશાઓ
(૮) પ્રસ્તાવના
(૯) વિષયવસ્તુ
(૧૦) તારણ
(૧૧) ઉપસંહાર
(૧૨) સંદર્ભગ્રંથ